દાખલ તારીખ : ૨૮/૦૬ /૨૦૨૨
નોંધ્યા તારીખ : ૨૮/૦૬ /૨૦૨૨
ફેસલ તારીખ : ૦૬/૦૫/૨૦૨૬
સમયમર્યાદા : વર્ષ:૦૩ માસ:૧૦ દિવસ:૦૮

**મહીસાગર જિલ્લાના મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં**
**મુકામ : લુણાવાડા**

**ફો.કે.નં.૧૯૫૫/૨૦૨૨**

**આંક–**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**
લુણાવાડા પોલીસ સ્ટેશન ગુના ર.નં.
૧૧૧૮૭૦૦૬૨૧૦૫૦૯/૨૦૨૧

<u>વિરૂધ્ધ</u>

**આરોપી :–**

**(૧) મહમંદ વસીમ ગુલાબ રસુલ શેખ**
ઉ.વ.૨૫, ધંધો.મજુરી

**(૨) મહમંદ દાનીશ ગુલાબ રસુલ શેખ**
ઉ.વ.૨૦, ધંધો.મજુરી
બન્ને રહે. પોલન સ્કુલ પાછળ લુણાવાડા, તા.લુણાવાડા, જી.મહીસાગર

**ગુનો :– ઈ.પી.કો. ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ**

**ફરીયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી વાય.એસ.ગોસાઇ**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી એચ.એ.મોજણીદાર**

**<u>–:ચુકાદો :–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ઉપર જણાવેલ જગ્યાએ આ કામના ફરીયાદીની ભાણી સનાબાનું આજથી ત્રણેક વર્ષ પહેલા આરોપી નં.૧ મહમંદ વસીમ સાથે કોર્ટ મૅરેજ કરી લીધેલ હતા જે બાબતે ફરીયાદી તથા આરોપીને અગાઉ બોલાચાલી થયેલ હતી જે બાબતેની અદાવત રાખી ફરીયાદી આજરોજ બજારમાં ગયેલ હતા તે દરમ્યાન આરોપી નં.૧ નાઓ મોટર સાયકલ લઇને આવતા ફરીયાદીને મોટર સાયકલ અડે એ રીતે લઇ જતા બન્ને વચ્ચે બોલાચાલી થયેલ જેની અદાવત રાખી આરોપીઓએ ફરીયાદીના ઘર આગળ જઇ મા–બેન સમાણી ગાળો આપતા ફરીયાદી ઘરની બહાર આવતા આરોપી નં.૨ નાએ તેના હાથ માની તલાવર ફરીયાદીના માથાના ભાગે મારવા જતા ફરીયાદી ખસી જતા કપાળના ભાગે વાગી જતા ચામડી ફાડી લોહી નિકળેલ તથા આરોપી નં.૧ નાએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાએ મદદગારી કરી, ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય ફરીયાદીએ લુણાવાડા પોલીસ સ્ટેશન ફરીયાદ નોંધાવતાં, પોલીસે ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ નોંધી લઇને, ધોરણસરની તપાસ હાથ ધરેલ હતી. તપાસ કરનાર અમલદારને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં આરોપીઓની ધરપકડ કરીને તે સમયે પોલીસ સ્ટેશન પર યોગ્ય જામીન રજુ કરતા જામીન મુકત કરવામાં આવેલાં હતાં અને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ.

(૨) સદર કામે આરોપીઓ વિરુધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપીઓ હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–

૨૦૭ ની જોગવાઇનું પાલન કરી પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ અન્વયે આરોપીઓને ગુન્હા અંગે સમજ કરી, આંક–૧૨ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ઘડવામાં આવેલ અને આંક–૧૩ તથા આંક–૧૪ ગુન્હા અંગે જવાબ નોંધતાં તેમાં આરોપીઓને ગુન્હો કબુલ નથી, કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતાં સદર કામે આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

**(૩) સદર કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ.નં. | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદી મહંમદ સલીમ અબ્દુલ ઇબ્રાહીમની જુબાની | ૧૬ |
| (૨) | સાહેદ નજમીનબાનુ મહંમદ સલીમ અબ્દુલ ઇબ્રાહીમની જુબાની | ૨૮ |
| (૩) | ડોક્ટર ગૌરાંગ મહેશભાઇ પંચાલની જુબાની | ૩૦ |
| (૪) | ડોક્ટર વિજયગીરી સુરજગીરી ગોસાઇની જુબાની | ૩૮ |
| (૫) | પંચસાહેદ ઇનાયતખાન અબ્દુલરહેમાન પઠાણની જુબાની | ૪૩ |
| (૬) | પંચસાહેદ લુકમાન ઈલીયાસભાઇ ટોપીવાલાની જુબાની | ૪૫ |
| (૭) | સાહેદ ફાતીમાબીબી જાકીર હુસેન શેખની જુબાની | ૪૮ |
| (૮) | ત.ક. અમલદાર ચંપાગર બાલગર ગોસાઇની જુબાની | ૫૦ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૧૭ |
| (૨) | સીટી સ્કેન રીપોર્ટ | ૧૮ |
| (૩) | સલીમભાઇ ઇબ્રાહીમભાઇ શેખનું સારવાર સર્ટીફીકેટ | ૩૧,૩૯ |

| | | |
|---|---|---|
| (૪) | પોલીસ યાદી | ૪૦ |
| (૫) | સારવાર પેપર્સ | ૪૧ |
| (૬) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૪ |
| (૭) | મુદ્દામાલ રીકવરી પંચનામું | ૪૬ |

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે વધુમાં તેઓએ જણાવેલ છે કે, ફરીયાદીની દિકરી શનાએ આરોપી નં.૧ સાથે ભાગી જઈ ફરીયાદીનમા કુટુંબીજનોની મરજી વિરૂધ્ધ આરોપી નં.૧ સાથે લગ્ન કરેલા હોઈ તેની દુશ્મનાવટ રાખી આરોપીઓ સાથે વેર લેવા ફરીયાદીએ કહેવાતા બનાવના દિવસના સાંજે આરોપી નં.૧ ઉપર હુમલો કરેલ તે બાબતે આરોપી નં.૧ ફરીયાદી સામે પોલીસ ફરીયાદ કરશે તેવા ડરથી ફરીયાદી તેના ઘરના પગથિયા ઉપર પડી જતાં ફરીયાદીને થયેલ ઈજા બાબતે ફરીયાદી કલેક્ટર ઓફિસમાં નોકરી કરતાં હોઈ કહેવાતી ફરીયાદવાળો બનાવ ઉભો કરી લાગવગનો ઉપયોગ કરી આરોપીઓ સામે ખોટી ફરીયાદ આપેલી અને ફરીયાદના સમર્થનમાં પોલીસે ખોટી તપાસ કરી આરોપીઓ નિર્દોષ હોવા છતાં કહેવાતા ગુનામાં સંડોવી દિધેલ હોવાનું તેમજ આરોપીઓ નિર્દોષ હોવાનું જણાવે છે.

**(૫)** સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વાય.એસ.ગોસાઈ ની દલીલો સાંભળેલ છે. તથા બચાવપક્ષે વિ.વ.શ્રી એચ.એ.મોજણીદાર ની વિગતવાર દલીલો સાંભળેલ છે.

આરોપીઓ તરફે પોતાની દલીલના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખતા હોવાનુ જણાવે છે.

***(1) Ikbal vs State of U.P (HC)***

***(2) Krishnegowda and Ors. VS. State of Karnaaka***
***2017(13) SCC 98***

***(3) Gambhair Sing VS. The State Uttar Pradesh***
**2025(0) AIGEL SC 74700**

ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધેલ છે.

**(૬) આ કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| ૬/૧ | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે :– આ કામના આરોપીઓએ ઉપર જણાવેલ જગ્યાએ આ કામના ફરીયાદીની ભાણી સનાબાનું આજથી ત્રણેક વર્ષ પહેલા આરોપી નં.૧ મહમંદ વસીમ સાથે કોર્ટ મેરેજ કરી લીધેલ હતા જે બાબતે ફરીયાદી તથા આરોપીને અગાઉ બોલાચાલી થયેલ હતી જે બાબતેની અદાવત રાખી ફરીયાદી આજરોજ બજારમાં ગયેલ હતા તે દરમ્યાન આરોપી નં.૧ નાઓ મોટર સાયકલ લઈને આવતા ફરીયાદીને મોટર સાયકલ અડે એ રીતે લઈ જતા બન્ને વચ્ચે બોલાચાલી થયેલ જેની અદાવત રાખી આરોપીઓએ ફરીયાદીના ઘર આગળ જઈ મા–બેન સમાણી ગાળો આપતા ફરીયાદી ઘરની બહાર આવતા આરોપી નં.૨ નાએ તેના હાથ માની તલાવર ફરીયાદીના માથાના ભાગે મારવા જતા ફરીયાદી ખસી જતા કપાળના ભાગે વાગી જતા ચામડી ફાડી લોહી નિકળેલ તથા આરોપી નં.૧ નાએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાએ મદદગારી કરી, ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે? |
| ૬/૨ | શું હુકમ? |

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણેયના મારા કારણો નીચે મુજબ છે.**

**-:: કારણો::-**

**(૯) મુદ્દા નં. ૧ :-**

**(૯.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની અનુસંધાનમાં આરોપીઓ વિરુઘ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દવારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપી પક્ષે ઉલટતપાસ દવારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપીનો પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તવું કાયદાનું ધોરણ છે.

**(૯.૨)** ફરીયાદ પક્ષે આંક-૧૬ થી ફરીયાદી મહંમદ સલીમ અબ્દુલ ઈબ્રાહીમ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપી મહંમદ વસીમ શેખનાઓએ તેમની ભાણી સાથે લવ મેંરેજ કરી લીધેલ. તા.૨૪/૦૪/૨૦૨૧ ના રોજ રાત્રે ૧૦ વાગે તેઓ બજારમાં ગયેલા હતા તે વખતે જવાહર રોડ પર સામેથી મહંમદ વસીમ શેખ મોટર સાયકલ લઈને આવેલ અને તેઓને અડે તે રીતે ચલાવી લઈ આવતા હોય તેઓને તેની સાથે બોલાચાલી થયેલી. ત્યારબાદ તેઓ તેમના તેમના ઘરે ગયેલા અને તે વખતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મહંમદ વસીમ તથા તેનો ભાઈ દાનિશ તેમના ઘરે આવી ગાળો બોલી કહેતા હતા કે, બજારમાં કેમ બોલાચાલી કરેલ છે તેમ કહી દાનિશના હાથમાં તલવાર હતી તે તેમના મારવા જતા તે ખસી ગયેલા અને તેમને માથાના ભાગે કપાળમાં તથા

નાક પર ઈજા થયેલી અને મહંમદ વસીમનાઓએ તેઓને ગડદા પાટુનો માર મારેલ જેથી તે બુમો પાડતા મહંમદ ફારુક તથા ઈનાયતભઈએ આવીને છોડાવેલો અને તેમને ફારુકભાઈ તથા ઈનાયતભાઈ બાઈક પર લુણાવાડા કોટેજ હોસ્પિટલ લઈ ગયેલા જ્યાં તેમને કપાળના ભાગે ટાંકા લીધેલા અને ત્યાંથી વધુ સારવાર માટે રીફર કરેલા. અને ત્યાંથી તેમને સારવાર માટે આયુશ હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં તેઓને નાકના ભાગે વાગેલ હોય સીટી સ્કેન કરાવેલ. સીટી સ્કેન કરાવતા તેઓને નાકના ભાગે ફ્રેક્ચર હોવાનુ ખુલેલુ. બનાવ અંગે તેઓએ લુણાવાડા પોસ્ટેમાં ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવતા જેમાં તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૧૭ થી રજુ થયેલ છે. તેમજ તેઓએ શિવમ ઈમેજીંગ સેન્ટરમાં સીટી સ્કેન કરાવેલ જે સીટી સ્કેનનનો રીપોર્ટ તેઓ તેમની લાવેલ હોઈ જે તેઓ રજુ કરતા જેમાં શીવમ હોસ્પિટલના ડોક્ટર રવિ પટેલની સહી છે. જે રજુ આંક–૧૮ થી રજુ થયેલ છે. તેમજ તેઓને થયેલ ઈજા અંગેના ફોટો તેમના મોબાઈલથી પાડેલા જેની તેઓએ પ્રિન્ટ કઢાવેલી જે તેઓએ રજુ કરેલ છે જે માર્ક A તથા B થી રજુ થયેલ છે. તેમજ આરોપીને તેઓ ઓળખે છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, શનાબેન તેમના ભાણી થાય છે અને તેમની માતા સમીમબાનુ તેમના બહેન થાય છે. તેમના બનેવી લિયાકતભાઈ કામ ધંધા અર્થે વિદેશ રહે છે. તેમના ભાણીએ તેઓના બધાની મરજી વિરુદ્ધ આરોપી નં ૧ સાથે ભાગીને લગ્ન કરેલા અને શનાએ લગ્ન કર્યા તે સમયે પણ તેમના બનેવી વિદેશમાં હતા. તેમની બહેનને કોઈ સમસ્યા આવે તો તેઓ તેને સલાહ સુચન અને મદદ કરે છે અને લગ્ન ના થોડા સમય બાદ શના તેમના બહેન સાથે રહેવા માટે આવેલા. તથા શનાએ પિયરમાં આવી ત્યારે આરોપી નં ૧ તથા તેના પરિવારના સભ્યો વિરુદ્ધ કેસો કરેલા. વધુમાં જણાવે છે કે, શનાએ કરેલા કેસો શનાએ રાજીખુશીથી પાછા ખેંચી લીધેલા. તેમજ શના કેસો પાછા ખેંચી લીધા બાદ તેના પતિ એટલે કે આરોપી નં ૧ સાથે રહેવા જતા રહેલા. શનાએ ભાગી લગ્ન કર્યા પછી તેઓને આરોપી સાથે એક બે વાર બોલાચાલી થયેલી છે. વધુમાં જણાવે છે કે, ફરીયાદવાળા બનાવ

વખતે રમઝાન માસ ચાલતો હતો અને રમઝાન માસ દરમ્યાન મુસ્લિમ વિસ્તારોમાં મોડી રાત સુધી લોકોની અવરજવર ચહલ પહલ અને દુકાનો ખુલ્લી રહેતી હોય છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને લોહી નીકળવાથી પોલીસે તેઓને દવાખાને જવાનું કહેતા તેઓ પોલીસ સ્ટેશન તરત જ ગયેલા નહીં. વધુમાં એ પણ સ્વીકારે છે કે, તેમના ઘરેથી કોટેજ હોસ્પિટલ જતા રસ્તામાં પોલીસ સ્ટેસન આવે છે. તેમજ તેમના ઘરથી થોડે દુર વાંસિયા પોલીસ ચોકી આવેલ છે. તેમજ તેમના ઘરેથી કોટેજ હોસ્પિટલ જતા રસ્તામાં ઘણા ખાનગી દવાખાના તથા હોસ્પિટલો આવેલા છે. તા.૨૪/૦૪/૨૦૨૧ના રોજ રાત્રે ૧૦ વાગે તેઓ બજારમાં ગયેલા તેવુ તેઓએ તેમની મારી ફરીયાદમાં લખાવેલ નથી અને તેઓ જણાવેલ "અને તે વખતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મહંમદ વસીમ તથા તેનો ભાઈ દાનિશ મારા ઘરે આવી " "મને માથાના ભાગે કપાળમાં તથા નાક પર ઈજા થયેલી અને મહંમદ વસીમનાઓએ મને ગડદા પાટુ નો માર મારેલ જેથી મે બુમો પાડતા મહંમદ ફારુક તથા ઈનાયતભાઈએ આવીને છોડાવેલો" "અને ત્યાંથી મને સારવાર માટે આયુશ હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં મને નાકના ભાગે વાગેલ હોય સીટી સ્કેન કરાવેલ. સીટી સ્કેન કરાવતા મને નાકના ભાગે ફ્રેક્ચર હોવાનુ ખુલેલુ." તેવુ તેઓએ તેઓની ફરીયાદમાં લખાવેલ નહી. ત્યારબાદ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ફરીયાદ કર્યા બાદ સીટી સ્કેન માટે બીજા દિવસે ગયેલા ત્યારે માલુમ પડેલ. તેઓએ એ પણ સ્વીકારે છે કે, બીજા દિવસે સીટી સ્કેન કરવા માટે ગયેલા ની હકીકત જણાવે છે તે આજદિન સુધી પોલીસને જણાવેલી નથી જે હકીકત તેઓ કોર્ટમાં પ્રથમ વખત જણાવે છે. શિવમ ઈમેજીંગ સેન્ટરનો આંક-૧૮ વાળો રીપોર્ટ તેઓએ પોલીસને આપેલો નહી. તેમજ તેઓએ પાડેલા ફોટા વાળો મોબાઈલ પોલીસને આપેલો નહી અને તે મોબાઈલ નો કોઈ એફએસએલ કરાવેલ નથી. તેમના ઘરની ઉતરે શબ્બીર પેપરવાળાનુ ઘર છે, દક્ષિણે અબ્બાસભાઈ ઘોડાઘાડીવાળાના દિકરા તથા નિસારભાઈ પઠાણના બે દિકરાઓ રહે છે. તેમજ સામે રોડ છોડીને પશ્ચિમે યુનુસભાઈ કરિયાણાવાળાની દુકાન અને ઘર આવેલ છે, કરિયાણાની દુકાનની બાજુમાં ઈલિયાસભાઈ કુટવાળા, ઝફરુલ્લાખાન ગુલામ મહોમદ, ફિરદોસખાંન તથા નાસિરખાન ઈસ્માઈલખાનનુ મકાન આવેલ છે. વધુમાં

જણાવે છે કે, ફારૂકભાઈ ગુલામભાઈ અને ઈનાયતભાઈ તેમના મકાનથી ૧૫ થી ૧૬ મકાન જેટલા દુર રહે છે. ઈનાયતભાઈ તેમના ફોઈનો દિકરો થાય છે. સાહેદ નજમીનબાનુ તેમના પત્ની થાય છે. તેમજ સાહેદ ફાતમાબીબી તેમના બહેન થાય છે. સાહેદ ફઆરૂકભાઈ તેમના ખાસ મિત્ર છે. તેમજ જવાહર રોડ ગોળ બજારથી મધવાસ દરવાજા તરફ જતો મુખ્ય રસ્તો છે. આ રોડની બન્ને બાજુ મકાનો તથા દુકાનો આવેલી છે. આ રોડ પર સતત લોકોની અને વાહનોની અવરજવર ચાલુ રહેતી હોય છે. વધુમાં જણાવે છે કે, જવાહર રોડ વાળો કહેવાતો બનાવ જુમ્મા મસ્જીદ આગળ બનેલો. તેમજ બનાવ સમયે તેઓ તેમની સ્પ્લેન્ડર મોટર સાયકલ પર આવતા હતા. તેમના મકાનમાં જવુ હોય તો પાચેક પગથીયા ચડીને જવુ પડે. તેઓ કલેક્ટર ઓફીસમાં ડેપ્યુટી કલેક્ટર સાહેબની ગાડી ચલાવે છે. તેઓને ઈજા થવાના કારણે તેમના કપડા લોહીવાળા થયેલા. અને પોલીસે તેઓની પાસેથી લોહીવાળા કપડા કબ્જે લીધેલ નથી. આરોપીઓને તેઓ લગ્ન પહેલાથી ઓળખે છે.

(૯.૩) ફરીયાદ પક્ષે આંક–૨૮ થી સાહેદ નજમીનબાનુ મહંમદ સલીમ અબ્દુલ ઈબ્રાહીમ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૪/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવનના દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેમના પતિ બજાર ગયેલા હતા. તે વખતે મહંમદ વસીમે તેમના પતિને બાઈક અડાડી દીધેલી. ત્યારબાદ તેમના પતિ ઘરે આવેલા અને તેમના પતિએ વસીમ સાથે ઝગડો થયેલ હોવાનુ જણાવેલ. ત્યારબાદ રાત્રે ૧૦ વાગે મહંમદ વસીમ તથા દાનીશ તેમના ઘરે આવી ગાળો બોલતા હોય તેમના પતિએ ગાળો બોલવાની ના પાડતા દાનીશે તેમના પતિને તલવારથી જમણી બાજુ કપાળે તેમજ ડાબી બાજુ આંખની નીચે ઈજા કરેલી. જેથી બુમાબુમ થતા ફારૂકભાઈ તથા ઈનાયતભાઈ આવેલા અને તેમના પતિને લુણાવાડા સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે આયુશ હોસ્પિટલમાં લઈ ગયેલા અને તેમના પતિને બીજા દિવસે શીવમ ઈમેજીંગમાં સીટી સ્કેન માટે લઈ ગયેલા અને જ્યાં નાક ઉપર ફ્રેક્ચર થયેલ હોવાનુ જાણવા મળેલ. બનાવ અંગે તેમના પતિએ ફરીયાદ

આપેલી. અને પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, તેમના લગ્ન પછીથી તેઓ તેમના પતિ અને સાસુ સસરા સાથે રહે છે. તે જે બનાવનો સમય જણાવે છે તે સમયે પણ તેમના સાસુ સસરા તેમના ઘરે તેમની સાથે રહેતા હતા. તે જે મકાનમાં રહે છે તે મકાન ઘણુ જુનુ મકાન છે. તેઓના મકાનમાં આવવા માટે પહેલા કંપાઉન્ડ વાળો ગેટ આવે છે પછી ખુલ્લો ચોક આવે છે પછી પાંચેક પગથીયા ચડીને મકાનમાં આવવા માટે બીજો ગેટ છે. અને પગથીયા ચડી ગેટ ખોલીને અંદર જઇએ એટલે ઓટલો આવે પછી તેમના મકાનનો ભાગ આવે. તેમજ મકાન વર્ષો જુનુ હોવાના કારણે મકાનનુ પ્લાસ્ટર અમુક અમુક જગ્યાએથી તુટી ગયેલ છે અને જર્જરીત થયેલ છે. તેમના મકાનમાં ચડવાનો પગથિયાનો ભાગ પણ ખરબચડો થઇ ગયેલો છે. વધુમાં સ્વીકારે છે કે, તેમના પતિ કલેક્ટર ઓફીસમાં નોકરી કરે છે. અને તેમના પતિ કલેક્ટર ઓફીસમાં નોકરી કરે તેથી તેઓના કુટુંબમાં આગળ પડતા છે. આરોપી નં ૧ સાથે તેમના નણંદની દીકરીએ ભાગી જઇને લગ્ન કરેલુ. તેમના નણંદોઇ વર્ષોથી વિદેશ રહે છે. તેમના નણંદ અવારનવાર તેમના પતિની સલાહ લેવા આવતા હતા. તેમજ તેમનુ મકાન ભર મહોલ્લામાં આવેલુ છે જેથી કોઇ ઝગડાનો બનાવ બને તો ફળિયાના ઘણાબધા માણસો ભેગા થઇ જાય. સામાન્ય રીતે કોઇ વ્યક્તિ હથિયાર સાથે બુમાબુમ કરતી હોય તો પત્ની તરીકે તે તથા તેમના સાસુ સસરા ઘરની બહાર જવા દે નહી. તેમજ બનાવ બન્યા પછી તેમના પતિ ઘરે આવ્યા ત્યારે તેમને લોહી નીકળતુ હતુ અને તે સમયે તેઓએ અને તેમના સાસુ સસરાએ લોહી નીકળતુ જોયેલુ અને પગથિયા ઉપર લોહી પડેલુ અને ઘરમાં પણ લોહી પડેલુ અને કપડા પણ લોહી વાળા થયેલા. તેઓએ સ્વિકાર કરેલ છે કે, તેમના પતિએ તેમના વતીથી પોલીસમાં જવાબ લખાવેલો.

(૯.૪) ફરીયાદ પક્ષે આંક–૩૦ થી ડોક્ટર ગૌરાંગ મહેશભાઇ પંચાલ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ એમ એસ સર્જનનો અભ્યાસ કરેલ છે અને લુણાવાડામાં છેલ્લા ૫

વર્ષથી આયુષ હોસ્પિટલ ચલાવે છે. તા.૨૪/૦૪/૨૦૨૧ ના રોજ સલીમભાઈ ઈબ્રાહીમભાઈ શેખ, રહે.કસ્બા ફળિ, લુણાવાડા નાઓ તેઓની સમક્ષ સારવાર માટે આવેલા. જેઓને ઓપીડી કેસ નં ૬૭૨/૨૧-૨૨ થી તપાસેલા તેમજ તેઓને દવા સારવાર માટે તેઓના સગા સબંધી લાવેલા. જેઓને થયેલી ઈજા બાબતે પુછતા તે જ દિવસે રાત્રિના ૧૦.૩૦ કલાકે તલવારથી માથાના ભાગે મારેલ હોવાનુ જણાવેલા તેઓને તપાસતા કપાળના ભાગે છોલાયેલા ઘા હતા. તેમજ ડાબી આંખની આજુબાજુ તેમજ લમણાના બન્ને બાજુએ છોલાયેલા ઘા હતા. તેઓએ પ્રાથમીક સારવાર કોટેજ હોસ્પિટલ લુણાવાડા ખાતે મેળવેલ હતી. તેઓને કપાળના ભાગે ૬ સેમી લાંબો ટાંકા લીધેલો ઘા હતો. નાકના ઉપરના ભાગે એક સેમીનો છોલાયેલો ઘા જોવા મળેલો તેમજ ડાબી આંખની નીચે ૨ X ૨ સેમીનો છોલાયેલો ઘા હતો. તેઓનુ સીટી સ્કેન કરાવેલ જેમાં તેઓને નાકના હાડકાનુ ફ્રેક્ચર હોવાનુ જણાયેલ અને આ ઈજા ગંભીર ઈજા હતી. તેઓને એક દિવસ અંદરના દર્દી તરીકે દાખલ રાખેલા. તેઓને આંક-૧૮ થી રજુ શિવમ ઈમેજીંગ સેન્ટરનુ સીટી સ્કેનનો રીપોર્ટ બતાવતા જેમાં નાકના ભાગે હાડકાનુ ફ્રેક્ચર હોવાનુ જણાવેલ છે. તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા કરેલ સારવારનુ સર્ટી માંગતા તેઓએ તેમની હોસ્પિટલના લેટરપેડ પર તેમના સ્વ હસ્તાક્ષરમાં સર્ટીફીકેટ નં.૨૦૭૭/૨૦૨૧ થી તેઓએ કરેલ સારવારનુ સર્ટી આપેલ અને તેઓને સર્ટી બતાવતા જે નીચે તેઓની સહી તથા સિક્કો છે. જે આંક -૩૧ થી રજુ થયેલ છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, તેઓ ઓર્થોપેડીક સર્જન નથી. અને દર્દી યાદી સાથે સારવાર માટે આવેલા નહી. પેશન્ટ ખાનગી વાહનમાં કે ૧૦૮ માં તેઓની હોસ્પિટલમાં આવેલ તે અંગેનો ઉલ્લેખ સર્ટીમા કરેલો નથી. આ દર્દી અગાઉ કોટેજ હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ મારી પાસે આવેલ. તેઓએ એ પણ જણાવેલ છે કે, દર્દીનુ બીપી ઉંચુ હોય અથવા નીચુ હોય તો તેની માનસિક સ્થિતિમઆં ફરક પડે અને મારામારી કેસનો કોઈ દર્દી કે અકસ્માતના કેસવાળા દર્દી અમારી પાસે સારવાર માટે આવે તો તેઓને તે

બાબતની જાણ પોલીસ સ્ટેશનમાં ફરજીયાત કરવાની હોય છે. દર્દી જો પોલીસને જાણ કરીને આવેલ હોય તો તેની નોંધ તેઓને કેસ પેપર્સમાં કરવાની હોય છે. તેઓએ તેમના સર્ટીફીકેસમાં તેઓએ સારવાર કરેલ દર્દી પોલીસને જાણ કરીને આવેલ છે કે કેમ તે અંગેનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. તેમજ આ દર્દીએ અગાઉ કોટેજ હોસ્પિટલમાંથી સારવાર કરાવીને આવેલ હોય અને ત્યાંથી કોઇ રીફર નોટ લઇને તેઓની પાસે આવેલ હોય તેવુ પણ બનેલ નથી. તેઓએ પોલીસને કોઇ યાદી કરેલ હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં જણાવે છે કે, ઉપરના ફ્રેક્ચર બાબતે ઈએનટીના નિષ્ણાંત ડોક્ટર તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય આપી શકે. તેઓની હોસ્પિટલમાં ઈએનટી ડોક્ટર ઉપલબ્ધ નથી. તેમજ તેઓની હોસ્પિટલ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ છે. દર્દી તેઓની હોસ્પિટલમાં રાત્રિના સમયે આવેલો અને જેની જાણ તેઓને તેમના સ્ટાફે કરેલી ત્યારબાદ તેઓ હોસ્પિટલમાં ગયેલા. તલવારના એક ઘાથી આડો કે ઉભો એમ બે ઘા થઇ શકે નહી અને અસ્થીભંગ થયા તે જગ્યાએ સોજો પણ આવી જાય. શરીરમાં હાડકા અને કુરચા બન્ને આવેલ હોય છે અને તે બન્ને અલગ અલગ વસ્તુઓ છે. ચહેરાનો ઘણો બધો ભાગ કુરચાનો બનેલો હોય છે. તેમજ ઈજા અંગેની હિસ્ટ્રી તેઓને દર્દીએ લખાવેલી નથી. ઈજાના કલર પરથી ઈજાની ઉંમર નક્કી કરી શકાય. તેઓએ તેઓના સર્ટીફીકેટમાં ઈજાનો કોઇ કલર જણાવેલ નથી. ઈજા પામનાર અગાઉ અન્ય બીજા કોઈ ડોક્ટર પાસે સારવાર કરાવ્યાબાદ બીજા ડોક્ટર પાસે આવે તો બિજા ડોક્ટર તે ઈજાની ઉંમર બાબતે જણાવી ન શકે. સદર ઈજા બાબતે તેઓએ રેડીયોલોજીસ્ટનો કે ઓર્થોપેડીક ડોક્ટરનો અભિપ્રાય મેળવેલ નથી. દર્દીએ અગાઉ કોઇ હોસ્પિટલમાં સારવાર કરાવી હોય અને ત્યારબાદ તેઓના દવાખાનામાં સારવાર કરાવવા આવે અને તેમાં કોઇ ઈજા વધારાની દેખાય તો તે ઈજા અગાઉ પહેલા સારવાર કરાવ્યા બાદની કહેવાય. તેમના સર્ટીમાં ગડદાપાટુ મારેલાની કોઇ હકીકત જણાવેલી નથી. તેમજ તેઓના સર્ટીમાં ઈજા કોણે કરેલી છે તે બાબતનો કોઇ ઉલ્લેખ કરેલો નથી. કોઇ વ્યક્તિ કોઇને કોઇ પદાર્થ વડે ઈજા કરે તો તે કેટલા ફોર્સથી ઈજા કરેલ હોય તે પ્રકારનો ઘા થઇ શકે. તેમજ દર્દીને હતી તેવી ઈજા પગથિયા પરથી પડે તો થઇ શકે તેવી હતી.

(૯.૫) ફરીયાદ પક્ષે આંક–૩૮ થી ડોક્ટર વિજયગીરી સુરજગીરી ગોસાઇ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી તેમના ભત્રિજા વહુ થાય છે. તેઓ તા.૨૪/૦૪/૨૦૨૧ના રોજ માં જનરલ હોસ્પિટલ લુણાવાડામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૪/૦૪/૨૦૨૧ના રોજ રાત્રિના ૧૦.૪૫ વાગે તેઓની સમક્ષ સલીમ અબ્દુલ ઈબ્રાહિમ શેખ, રહે લુણાવાડાનાઓને દવા સારવાર માટે પઠાણ ઈનાયતખાન પોલીસ યાદી વગર લાવેલા. તપાસતા તેઓ ભાનમાં હતા, સમય સ્થળ અને વ્યક્તિ અંગે ભાન હતુ. તેઓને થયેલ ઈજા બાબતે પુછતા તે જ દિવસે રાત્રિના ૧૦.૩૦ કલાકે પોતાના ઘરે હતા ત્યારે સામેવાળા મહંમદ ગુલામ શેખ તથા દાનિશ ગુલામ શેખનાઓએ તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડેલ હોવાનુ જણાવેલ. તેઓને તપાસતા (૧) તેઓને કપાળની જમણી બાજુએ ૪ X ૦.૫ X ૦.૫ સેમીનો કપયેલો ત્રાંસો ઘા જોવા મળેલો. (૨) માથાની ડાબી બાજુએ આડો કપાયેલો ૧.૫ X ૦.૨૫ X ૦.૨૫ સેમીનો ઘા જોવા મળેલો તથા (૩) ડાબી આંખની નીચે ઉભો ૩ X ૦.૫ સેમીનો ઘસરકો જોવા મળેલો. દર્દીની પ્રાથ્મીક સારવાર કરી વધુ સારવાર માટે સીવીલ હોસ્પિટલ ગોધરા ખાતે રીફર કરેલા. આ
ઈજાઓ ૨૪ કલાક અંદરની અને ધારદાર પદાર્થથી થઈ શકે તેવી હતી વવધુમાં તેઓએ તપાસના કામે એમએલસી નં. ૨૪૯/૨૦૨૧ થી કરેલ સારવાર અંગેનુ સર્ટી આપેલુ. તેઓને સર્ટી બતાવતા જે તેઓના હસ્તાક્ષરમાં છે તથા તેની નીચે તેઓની સહી તથા હોદ્ધાનો સિક્કો છે જે આંક–૩૯ થી રજુ થયેલ છે. આપવામાં આવે છે. તેમજ દર્દીએ તેઓની સમક્ષ તલવારથી હુમલો કરેલ ઈજાઓ થયેલ હોવાનુ જણાવેલ હોય તેઓએ આ અંગે લુણાવાડા પોલીસને લેખિતમાં જાણ કરેલી. તેઓને પત્ર બતાવતા જેમાં તેઓની સહી છે જે આંક–૪૦ થી રજુ કરેલ છે. તેઓએ કરેલ સારવાર અંગેના પેપર્સ સાથે લાવેલ છે જે તેઓના હસ્તાક્ષરમાં છે જે આંક–૪૧ થી રજુ થયેલ છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, ઈજાના રંગ ઉપરથી ઈજા કેટલી જુની છે તે નક્કી થઈ શકે. તેઓએ આપેલ સર્ટીફીકેટમાં ઈજાનો રંગ દર્શાવેલ નથી.

દર્દીને ગડદા પાટુનો માર મારેલ હોવાનુ દર્દીએ તેઓને હિસ્ટ્રીમાં જણાવેલ નહી. તેઓની જે પોલીસ કર્મચારીએ આ મેડીકલ સર્ટીફીકેટ મેળવેલુ તેનુ નામ કે બકલ નંબર સર્ટીફીકેટરમાં જણાવેલ નથી આ સવાલના જવાબમાં જણાવે છે કે, તેઓની પાસેથી જે કર્મચારી સર્ટીફીકેટ લઇ જાય તેમની સહી અમારી પાસેની નકલમાં સ્વિકારનાર તરીકે બકલ નંબર સાથે લેવામાં આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઘા ના પ્રકારનો આધાર હથિયારની ધાર તથા વપરાયેલ બળ ઉપર આધારીત હોય છે. તેમજ તલવાર જેવા હથિયારનો ઘા વાંકોચુંકો ન હોઈ શકે. આંખની ભ્રમર અને નાકના ટેરવા વચ્ચેનો ભાગ ઉંડો હોય છે. આંખની ભ્રમર અને નાકના ટેરવા ઉપર તલવાર જેવા સીધા હથિયારથી મારવામાં આવે તો પ્રથમ ભ્રમરના તથા નાકના ટેરવાના ભાગે ઈજા થઈ શકે. આ દર્દીને હતી તેવી ઈજાઓ એક જ ઘા મારવાથી થયેલ ન હતી. આ દર્દીને હતી તેવી ઈજા સીમેન્ટના ધારદાર પગથિયા ઉપર પડી જવાથી થઈ શકે તેવી હતી.

(૯.૬) ફરીયાદ પક્ષે આંક–૪૩ થી પંચસાહેદ ઈનાયતખાન અબ્દુલરહેમાન પઠાણ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૪/૦૪/૨૧ના રોજ રાત્રીના દસેક વાગે તેઓ ઘરે હતા તે વખતે બુમાબુમ થતા મોહમદ સલીમ અબ્દુલ ઈબ્રાહીમના ઘર આગળ ગયેલો અને જોયેલ તો મોહમદ વસીમ તથા દાનીશ બંને જણા મોહમદ સલીમનાઓને ગાળો બોલતા હતા. જેથી મોહમદ સલીમનાઓએ ગાળો બોલવાની ના પાડતા મોહમદ વસીમનાઓએ લાતો તથા ગુંબાથી માર મારેલો અને મોહમદ દાનીશ પાસે તલવાર હતી જે મોહમદ સલીમનને માથાના ભાગે ડાબી સાઈડે આંખના ભાગે તથા કપાળના ભાગે તથા માથાના પાછળ ભાગે વાગેલી. જેથી તેઓને લુણાવાડા કોટેજ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે આયુષ હોસિપટલમા લઈ ગયેલા. પોલીસે તેઓનો જવાબ લીધેલો. બીજા દિવસે પોલીસ પંચનામુ કરવા મોહમદ સલીમના

ઘરે આવેલી અને જયાં પંચનામુ કરેલુ જેમાં બાજુમા મોહમદ જબ્બારનુ ઘર તથા એક બાજુ મોહમદ યુનુસનુ મકાન તથા ઘરના આંગણામા ચીકુનુ ઝાડ આવેલ હોવાનુ તથા આજુબાજુ કોટ કરેલ હોવાનુ લખાવેલુ. આ જગ્યા મોહમદ સલીમનાઓએ બતાવેલી. તેમજ તેઓની સાથે બીજા પંચ તરીકે ઈમરાનખાન અમનઉલ્લાહ ખાન હતા. તેઓને ગુનાવાળી જગ્યાનુ પં ચનામુ બતાવ તા પંચ નંબર–૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૪૪ થી રજુ થયેલ છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, પોલીસે મારો જવાબ ફરીયાદીને તેઓ જયારે દવાખાને લઈ ગયેલા તે વખતે લીધેલો. કસ્બા મોહલ્લો બહુ મોટો મોહલ્લો છે. ફરીયાદી મોહમદ સલીમ તેઓના સગા મામાનો દિકરો થાય છે. તેમજ બનાવના સમયે રમઝાન માસ ચાલુ હતો. રમઝાન માસમા રાત્રે નવ વાગ્યે ઈશાની નમાઝનો સમય હતો અને નમાઝ પછી તરાબીની નમાઝ વધારાની પઢાવવામાં આવે છે. તરાબીની વધારાની નમાઝ વીસ રકાત પડવાની હોય છે. તેમજ રમઝાન માસ હોવાથી તેઓ પણ તરાબીની નમાઝ માટે મસ્જિદમા ગયેલા. ફરીયાદીના ઘરની આજુબાજુમાં તેઓનુ ઘર નથી. ફરીયાદીના ઘરથી મકબુલભાઈ પાડાવાલાનુ મકાન પડોશમા આવેલ નથી. સલીમભાઈના ઘરથી મકબુલભાઈના ઘર વચ્ચે આશરે દસેક મકાન આવેલા છે. તેઓએ સ્વીકાર કરેલ છે કે, મકબુલભાઈનુ મકાન તેઓના મકાનની સામે આવેલુ છે. સલીમભાઈને માથાના પાછળના ભાગે વાગેલ હોવાનુ મે મારા નિવેદનમાં લખાવેલ નહી. હાલના બનાવ પહેલા આરોપી નં–૧ આ કામના ફરીયાદીની ભાણી સાથે ભાગીને પ્રેમ લગ્ન

કરેલા. સલીમભાઈના બનેવી ઘણા વર્ષોથી કુવેત રહે છે. તેમજ આરોપી નં .૧ સાથે લગ્ન કરેલ તે છોકરીની માતા મારા મામાની દિકરી થાય છે.

(૯.૭) ફરીયાદ પક્ષે આંક–૪૫ થી પંચસાહેદ લુકમાન ઈલીયાસભાઇ ટોપીવાલા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ચારેક વર્ષ અગાઉ પોલીસે પો.સ્ટે.બોલાવી એક તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. પંચનામું કઈ બાબતનુ હતુ તેની તેઓને ખબર નથી. સહી કરી તે સિવાય બીજુ કંઈ જા ણતા નથી તેમજ તેઓને મુદામાલ હથીયારી રીકવર કર્યા અંગેનુ પંચનામું બતાવ તા પંચ નંબર–૧ તરીકે તેઓની સહી જે ઓળખી બતા વે છે. જે આંક–૪૬ થી રજુ થયેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. તેમ છતાં સાહેદ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, તેઓએ પંચનામા માં સહી કરી તે વખતે તેઓની સાથે બીજા કોઈ પંચ હાજર ન હતા.

(૯.૮) ફરીયાદ પક્ષે આંક–૪૮ થી સાહેદ ફાતીમાબીબી જાકીર હુસેન શેખ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી તેમના ભત્રિજા વહુ થાય છે. બનાવ તા.૨૪/૦૪/૨૦૨૧ ના રોજ રાત્રિના દશેક વાગે તે તેમના ઘરે હતા ત્યારે તેમના ભાભી નાઝમીને ફોન કરી જણાવેલ કે, મહંમદ વસીમ તથા દાનીશ સાથે તમારા ભાઇને જવાહર રોડ ઉપર બાઇક અથડાવવા બાબતે બોલાચાલી થયેલી અને ત્યારબાદ મહંમદ વસીમ તથા દાનીશ બન્ને ઘરે આવી બહાર ગાળો બોલતા હતા. અને તે વખતે તેમના ભાઇએ ગાળો બોલવાની ના પાડેલી તે વખતે દાનીશના હાથમાં તલવાર હતી અને તે તથા વસીમ મારાભાઇને મારવા લાગેલા અને તે વખતે દાનીશ તેમના ભાઇને તલવાર માથામાં મારવા જતા તેમનો ભાઇ ખસી ગયેલો

અને તેને નાક પર તથા માથામાં ઈજા થયેલી અને નાક ઉપર ફ્રેક્ચર થયેલુ. અને જેથી તે દવાખાને ગયેલા અને તેમના ભાઈને ઈનાયતભાઈ તથા ફારૂકભાઈ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે આયુશ હોસ્પિટલમાં લઈ ગયેલા. બનાવ અંગે તેમના ભાઈએ ફરીયાદ આપેલી અને પોલીસે બનાવના બીજા દિવસે તેમનો જવાબ લીધેલો. તેમજ આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, જવાહર રોડ મુખ્ય રોડ છે. અને જવાહર રોડ પર ઘણા મકાનો અને દુકાનો આવેલ છે. તથા આ રોડ ઉપર સવારથી લઈ મોડી રાત સુધી લોકોની અવરજવર ચાલુ હોય છે. તેમજ બનાવ સમયે રમજાન માસ ચાલતો હતો. રમજાન માસમાં તરાવીની મોટી નમાઝ રાત્રિના સમયે મસ્જિદમાં થતી હોય છે. અને તરાવીની નમાઝ ઈશાની નમાઝ પછી તરત થતી હોય છે. ઈશાની નમાઝ તથા તરાવી નમાઝ સાથે કુલ કલાક થી દોઢ કલાક જેટલો સમય થતો હોય છે. ઈશાની નમાઝ રાત્રે સાડા નવ વાગે થતી હોય છે. સાહેદ ઈનાયતખાન તેમના ફળિયામાં રહે છે. ત્યારબાદ તેઓ કહે છે કે, સલીમના ફળિયામાં રહે છે. તેઓએ સ્વિકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા તથા તેમનુ ઘર ખાસ્સુ દુર છે. આરોપી મહંમદ વસીમે ફરીયાદીની બહેન એટલે કે તેમના બહેનની દીકરી સાથે પ્રેમ લગ્ન કરેલા. તેમના બહેનની દીકરી ઘરેથી ભાગી ગયેલી અને ભાગી ગયા પછી આરોપી વસીમ જોડે લગ્ન કરેલા. આ પ્રેમ લગ્ન તેઓના સબંધીઓને ગમેલા નહી. તેમના બહેનની દીકરી ભાગી ગયેલ હોવા બાબતે તેમના બહેન તથા બનેવીએ આરોપી સામે કેસ કરેલા. તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૯.૯) ફરીયાદ પક્ષે આંક-૫૦ થી આઈ.ઓ. ચંપાગર બાલગર ગોસાઈ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી તેમના ભત્રિજા વહુ થાય છે. તેઓ સને ૨૦૨૧ માં લુણાવાડા પોલીસ સ્ટેશનમાં અહેકો તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન તા.૨૫/૦૪/૨૦૨૧ ના રોજ ફરીયાદી મહંમદ સલીમ અબ્દુલ ઈબ્રાહીમ

શેખ નાઓએ આરોપી મહમદ વસીમ ગુલામ રસુલ તથા મહમદ દાનીસ ગુલામ રસુલનાઓ વિરુદ્ધ ઇ.પી.કો. કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, મુજબની ફરીયાદ આપતા પીએસઓ મુકુંદભાઇનાઓએ લુણાવાડા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૫૦૯/૨૦૨૧ થી ગુનો દાખલ કરી આગળની તપાસ ફરીયાદ સાથે તેઓને સોંપેલી. તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યાએ જઇ બે પંચોની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તેઓને આંક ૪૪ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતા જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલા. તેમજ ઇજા પામનારે કરાવેલ સારવાર અંગેના સર્ટી મેળવવા માટે યાદી કરી સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓની અટક કરતા આરોપી મહંમદ દાનીશ ગુલામ રસુલ શેખનાએ ગુનાના કામે વાપરેલ તલવાર રજુ કરતા પંચનામાની વિગતે કબ્જે કરેલ. તેઓને આંક– ૪૬ થી રજુ પંચનામુ બતાવતા જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. તેમજ તેઓની તપાસ દરમ્યાન આ કામના આરોપીઓએ તા. ૨૪/૦૪/૨૦૨૧ ના રોજ ફરીયાદીની ભાણી શનાબાનુએ ત્રણેક વર્ષ પહેલા આરોપી નં૧ મહંમદ રસુલ સાથે કોર્ટ મેરેજ કરેલ હોય જે બાબતે ફરીયાદી તથા આરોપીની અગાઉ બોલાચાલી થયેલ હતી તે બાબતની અદાવત રાખી ફરીયાદી બજારમાં ગયેલ તે વખતે આરોપીનં –૧ નાએ મોટર સાયકલ લઇ આવી ફરીયાદીને અડકે તે રીતે ચલાવી જતા હોઇ તે અંગે બન્ને વચ્ચે બોલાચાલી થયલી જેની અદાવત રાખી આરોપીઓએ ફરીયાદીના ઘર આગળ જઇ મા બેન સમાણી ગાળો બોલી ફરીયાદી ઘરની બહાર આવતા આરોપી નં ૨નાએ તેના હાથમાંની તલવાર ફરીયાદીના માથાના ભાગે મારવા જતા ફરીયાદી ખસી જતા કપાળના ભાગે ચામડી ફાડી લોહી કાઢેલ તેમજ આરોપી નં–૧ નાએ ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ ખુલેલુ. આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકારવામાં આવેલ છે કે, આ કામની ફરીયાદ તેમને મળેલી અને તેઓએ તે વાંચેલી. તેમજ આ ફરીયાદ હોસ્પીટલમાં લેવામાં આવી હોય તેવુ બનેલ નથી. આ ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે " ૨૪/૧૦/૨૦૨૧ ના રોજ રાત્રે ૧૦.૦૦ વાગે હું બજારમાં ગયેલો." વધુમાં સ્વિકાર કરેલ છે કે, ફરીયાદીએ ફરીયાદમાં આરોપીઓ ૧૦.૩૦ વાગે તેમના ઘરે આવેલ હોવાનુ લખાવેલ નથી. ફરીયાદીએ ફરીયાદમાં તેમને નાક પર ઈજા થયેલ હોવાની હકીકત લખાવેલ નથી. તથા ફરીયાદીએ એવુ પણ લખાવેલ નથી કે"મહંમદ ફારૂક તથા ઈનાયતભાઈએ આવીને મને છોડાવેલો" તેમજ ફરીયાદીએ ફરીયાદમાં તેઓને નાકના ભાગે ફ્રેક્ચર થયેલ હોવાની તથા સારવાર માટે આયુશ હોસ્પિટલમાં ગયેલ હોવાની તથા સીટી સ્કેન કરાવેલ હોવાની હકીકત લખાવેલ નથી. તેમજ સાહેદ નજમીનબાનુએ પોતાના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે"તે વખતે મહંમદ વસીમે મારા પતિને બાઇક અડાડી દીધેલી" તેમજ "બીજા દિવસે શિવમ ઈમેજીંગમાં સીટી સ્કેન માટે લઈ ગયેલા જ્યાં નાક ઉપર ફ્રેક્ચર થયેલ હોવાનુ જાણવા મળેલ." તેમજ લાતોથી માર મારેલાનુ તથા સલીમભાઈને માથાના પાછળના ભાગે વાગેલ હોવાનુ" તેમજ સલીમભાઈને નાક ઉપર ફ્રેક્ચર થયેલ હોવાનુ" લખાવેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, ફરીયાદીએ શિવમ ઈમેજીંગ સેન્ટરમાં કોઈ રીપોર્ટ કરાવેલ હોય તેવો કોઈ રીપોર્ટ મે તપાસના કામે મેળવેલ નથી. ફરીયાદીએ આયુષ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે સારવાર લીધેલી? તેના જવાબમાં જણાવેલ છે કે, એક દિવસ અંદરના દર્દી તરીકે સારવાર લીધેલી અને તે જ દિવસે રજા આપવામાં આવેલી. તેઓએ સ્વિકાર કરેલ છે કે, તલવાર અલગ અલગ માપની અને અલગ અલગ પ્રકારની હોઈ શકે. અને ફરીયાદીની ફરીયાદમાં તલવારનુ વર્ણન લખાવેલ નથી. તેઓએ કબજે લીધેલ મુદામાલ તપાસ સારૂ એફ.એસ.એલ. માં મોકલાવેલ નથી. આરોપીના કપડા કબજે લીધેલ નથી. કોઈ વ્યક્તિને લોહી નિકળતી હાલતમાં મોટર સાયકલ ઉપર બસાડી ત્રણ સવારીમાં હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તો સાથે બેસેલ વ્યક્તિઓના કપડા ઉપર તથા મોટર સાયકલ ઉપર લોહીના છાંટા લાગી શકે? તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, વધુ પડતુ લોહી નિકળતુ હોય તો લાગી

શકે. તેઓએ સ્વિકાર કરેલ છે કે, તપાસના કામે સાહેદ ફારૂકભાઈ કે ઈનાયતખાનના કપડા કબજે લીધેલ નથી. અને હાલના ગુનાના કામ અમોએ સ્થળ પરીક્ષણ માટે એફ.એસ.એલની ટીમ બોલાવેલ નથી. ગુનાવાળી જગ્યાના પંચનામામાં સહી કરનાર પંચ ઈનાયતખાન આ બનાવના સાહેદ પણ છે. ફરીયાદી ઈજાગ્રસ્ત હાલતમાં પોલીસ સ્ટેશને આવે ત્યારે તેમને સારવારની જરૂર હોય તો પોલીસ સ્ટેશનમાંથી યાદી આપવામાં આવે છે. તેમજ ફરીયાદીના ઘરની આજુબાજુ રહેણાકના મકાનો આવેલા છે અને ભરચક વિસ્તાર છે. તેમજ તેઓએ જવાહર રોડ વાળા બનાવ બાબતે તપાસ કરેલી.

(૧૦) ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતાં જણાય છે તે મુજબ આંક -૧૭ થી રજુ થયેલ ફરીયાદની હકીકત બાબતે આંક -૧૬ થી ફરીયાદીએ જે જુબાની આપેલ છે તેમાં અતિ મહત્વના કહી શકાય તેવા વિરોધાભાસ જોવા મળેલા છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ તલવારનો એક જ ઘા ફરીયાદીને માથાના ભાગે મારવા જતાં ફરીયાદી ખસી જવાથી તલવારની ધાર કપાળના ભાગે વાગી ગયેલી. તે સિવાય અન્ય કોઈ ઈજાઓ તલવારથી થયેલ હોવાનુ જણાવતા નથી. આ ઉપરાંત બનાવ સમયે ફરીયાદીની પત્ની તથા ફળીયાના અન્ય માણસોની હાજરી હોવાનુ જણાવે છે. પરંતુ પોતાની જુબાનીમાં કોઈ જગ્યાએ તેમની પત્નીની હાજરી હોવાનુ જણાવતા નથી. આ ઉપરાંત ફરીયાદીની પત્નીની જુબાની ધ્યાને લઈએ તો તેમના સાસુ સસરાની હાજરી હોવાનુ પણ જણાવેલ છે. જે ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીમાં જણાવવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીને આંખની નીચે ઈજા થયેલ હોવાનુ તેમની પત્ની જણાવે છે. પરંતુ ફરીયાદી પોતે તેવી કોઈ ઈજા થયેલ હોવાનુ જણાવતા નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ બન્ને ડોક્ટરોની જુબાની ધ્યાને લેતાં ફરીયાદીએ ફરીયાદમાં તથા પોતાની જુબાનીમાં જણાવેલ ઈજાઓ કરતાં વધુ ઈજાઓ હોવાનુ રેકર્ડ પર આવે છે. જેથી, સાહેદોની જુબાની અને તબીબી પુરાવા વચ્ચે પણ મહત્વનો વિરોધાભાસ જોવા મળે છે. વધુમાં બન્ને ડોક્ટરઓએ કરેલ ઈજાઓના વર્ણન તથા પ્રકાર પણ અલગ અલગ જોવા મળે છે. વધુમાં આંક -૩૦ થી તપાસેલ

ડોક્ટર ગૌરાંગ પંચાલના કથન મુજબ ફરીયાદીને તેઓએ સારવાર માટે એક દિવસ અંદરના દર્દી તરીકે રાખેલા. જ્યારે તેમણે આપેલ પ્રમાણપત્રમાં અંદરના દર્દી તરીકે રાખેલ હોવાનો કોઇ ઉલ્લેખ જોવા મળેલ નથી. ફરીયાદમાં જણાવ્યા મુજબ બનાવ બાદ ફરીયાદી લુણાવાડા સરકારી દવાખાનામાં સારવાર લઈ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલા. જ્યારે તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ સરકારી દવાખાનામાં સારવાર લીધા બાદ આયુષ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા. ફરીયાદની હકીકત તથા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં જણાય છે તે મુજબ તા.૨૫.૦૪.૨૦૨૧ ના રોજ ફરીયાદ નોંધવામાં આવેલ છે. એટલે કે તા ૨૪.૦૪.૨૦૨૧ ની રાત્રિએ ૧૨ વાગ્યા બાદ ફરીયાદ નોંધવામાં આવેલ હોવાનુ જણાય છે. પરંતુ આંક–૩૧ થી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ મુજબ તા ૨૪.૦૪.૨૦૨૧ ના રાત્રિના ૧૧.૩૦ વાગે ફરીયાદી આયુષ હોસ્પટલમાં સારવાર માટે પહોંચે છે. તેમજ આંક–૩૦ થી તપાસેલ ડોક્ટરની જુબાની મુજબ દર્દીને એક દિવસ માટે અંદરના દર્દી તરીકે રાખવામાં આવેલ છે. આ સંજોગોમાં તેઓએ પોલીસમાં ફરીયાદ ક્યારે આપી તે હકીકત પણ શંકા ઉપજાવે છે. વધુમાં સદર આંક ૩૦ વાળા સાહેદ (ડોક્ટર) ની જુબાની મુજબ ફરીયાદીનો સીટી સ્કેન કરાવેલો અને ફરીયાદીને નાકના હાડકાનુ ફ્રેક્ચર થયેલ હોવાનુ જણાયેલુ. પરંતુ તેમણે ક્યારે અને કેવી રીતે ફરીયાદીને શિવમ ઈમેજીંગ સેન્ટરમાં રીફર કરેલા તે બાબતે કોઈ સ્પષ્ટતા પોતાની જુબાની દરમ્યાન કે મેડીકલ સર્ટીફીકેટમાં કરેલ નથી. વધુમાં સદર ફ્રેક્ચર બાબતે કોઈ રેડીયોલોજીસ્ટ કે ઓર્થોપેડીક ડોક્ટરનો અભિપ્રાય મેળવવામાં આવેલ નથી. તેમજ સીટી સ્કેન કરનાર ડોક્ટરને પણ તપાસવામાં આવેલા નથી. આ ઉપરાંત પોલીસે તપાસ દરમ્યાન સીટી સ્કેનને લગતા કોઈ પુરાવા એકત્ર કરેલ નથી અને ફરીયાદીએ પણ કોર્ટ રૂબરૂની જુબાની દરમ્યાન આંક –૧૮ થી સીટી સ્કેનનો રીપોર્ટ રજુ કરેલ છે. તે પહેલા કોઇપણ જગ્યાએ સીટી સ્કેન બાબતની રજુઆત કરેલ નથી કે પુરાવો પુરો પાડેલ નથી. વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં પણ તેમને નાક ઉપર ઈજા થયેલ હોવાનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. જે બાબત શંકા ઉપજાવે છે. આ ઉપરાંત હાલના બનાવ પહેલા જવાહર બજારમાં ફરીયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થયેલ હોવાનો જે બનાવ બનેલ હોવાનુ

ફરીયાદીનુ કથન છે તે બાબતે પણ ફરીયાદી અને તેમની પત્નીની જુબાનીમાં વિરોધાભાસ જોવા મળેલ છે. જેમ કે, ફરીયાદીના કથન મુજબ આરોપીનુ બાઈક અડી જાય તેવી સ્થિતિમાં આવેલ હતુ જ્યારે તેમની પત્નીના કથન મુજબ આરોપીએ બાઈક અડાડી દીધેલ. વધુમાં ફરીયાદીની પત્ની પોતાની જુબાનીમાં એમ પણ જણાવે છે કે, પોલીસને તેમનો જવાબ તેણીની વતી તેમના પતિએ લખાવેલો. આ સંજોગોમાં સદર સાહેદની જુબાની વિશ્વસનિયતા ગુમાવે છે તેવુ આ અદાલત માને છે. આંક –૪૩ થી તપાસેલ સાહેદ ઈનાયતખાન કે જે ફરીયાદીના સગા થાય છે તેમને સાહેદ તરીકે જુબાની આપેલ છે અને બનાવવાળી જગ્યાના પંચનામામાં પણ તેઓ પંચ તરીકે હાજર રહેલા છે. જોકે, આંક ૪૪ થી રજુ થયેલ પંચનામામાં આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેવી કોઈ નોંધપાત્ર હકીકત રેકર્ડ પર આવેલ નથી. અને નજરે જોનાર સાહેદ તરીકે સદર સાહેદે જે હકીકત જણાવેલ છે તેમાં પણ ફરીયાદીને થયેલ ઈજાઓ બાબતે અતિમહત્વનો ગણી શકાય તેવો વિરોધાભાસ જણાય છે. આંક ૪૮ થી તપાસેલ સાહેદ ફાતિમાબીબી ફરીયાદીના બહેન થાય છે. તેણીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. પરંતુ તેણીએ બનાવ નજરે જોયેલ નથી.

**(૧૦.૧)**આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લઈએ તો ફરીયાદીએ તથા અન્ય સાહેદોએ અતિશયોક્તિ ભર્યા કથનો કરેલ છે. અને ફરીયાદમાં તથા પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકતો લખાવેલ નથી તેવી હકીકતો પ્રથમવાર કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે. અને તેમાં પણ મહત્વનો વિરોધાભાસ જોવા મળેલ છે.

**(૧૦.૨)** આરોપીઓ જે ચુકાદા ઉપર આધાર રાખે છે તે નામદાર સર્વોચ્ચ અદાલતે **Krishnegowda Vs State of Karnataka** ના કેસનો ચુકાદો કે જે 2017(13) **SCC** 98 ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ

*It is the duty of the Court to consider the trustworthiness of evidence on record. As said by Benthem, "witnesses are the*

*eyes and ears of justice". In the facts on hand, we feel that the evidence of these witnesses is filled with discrepancies, contradictions and improbable versions which draws us to the irresistible conclusion that the evidence of these witnesses cannot be a basis to convict the accused.*

**(૧૦.૩)**વધુમાં ઉપરોક્ત ચર્ચા મુજબ હાલના કેસમાં સાહેદોનો મૌખિક પુરાવો તથા તબીબી પુરાવા વચ્ચે પણ મહત્વના વિરોધાભાસ જોવા મળેલ છે. તે બાબતે આરોપી તરફે રજુ થયેલ નામદાર અલ્લાહાબાદ હાઈકોર્ટનો **Ikbalsingh vs State of UP** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં તેમાં ઠરાવ્યા મુજબ પણ જ્યારે તબીબી પુરાવાથી મૌખિક પુરાવાને સમર્થન મળતુ ન હોઈ ત્યારે ફરીયાદપક્ષનો કેસ શંકા ઉપજાવે છે. અને કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જ્યારે ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉભી થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ તેવુ આ અદાલતનુ માનવુ છે.

આમ ઉપરોક્ત ચર્ચા મુજબ આરોપીન સામેનો ફરીયાદપક્ષનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર પુરવાર થયેલ ન હોઈ મુદ્દા નંબર ૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર –૨ ના જવાબમાં નિચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**- : હુકમ : -**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી (૧) મહમંદ વસીમ ગુલાબ રસુલ શેખ તથા (૨) મહમંદ દાનીશ ગુલાબ રસુલ શેખ બન્ને રહે. પોલન સ્કુલ પાછળ લુણાવાડા, તા.લુણાવાડા, જી.મહીસાગર નાઓને ઈ. પી. કો. ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ માં જણાવ્યા મુજબની શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થતાં સુધીના રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૬ઠી માહે મે,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૫/૨૦૨૬ (એચ.એ.પંડ્યા)

સ્થળ-લુણાવાડા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,

મહીસાગર @લુણાવાડા

જજ કોડ- જીજે ૦૧૨૦૩